| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૦૨/૧૨/૨૦૨૪ | | |
| દાખલ તારીખ : | ૦૨/૧૨/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ : | ૦૨/૦૫/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૦૦ |

**માલપુરના મે. જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.માલપુર,જી.અરવલ્લી.**

**ફોજદારી કેસ નં–૯૧૪/૨૦૨૪**
આંક– **૨૩**

**ફરીયાદી** :– શ્રી સર કા ર

**વિરૂધ્ધ**

**આરોપી :– (૧)** રસીકભાઈ કાંહયાભાઈ દરજી.
રહે.હેલોદર,તા. માલપુર, જી.અરવલ્લી

**ગુન્હો:– ભારતીય ન્યાય સંહિતા –૨૦૨૩ ની કલમ – ૨૨૩, તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૩) અન્વયે**

---

સરકાર તરફે :– વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ
આરોપી તરફે :– વિ.વ.શ્રી એસ.કે.પંડયા

---

**–:(ઠ રા વ):–**

(૧)... ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૧૮/૧૦/૨૦૨૪ ના રોજ કલાક. ૧૭/૦૦ વાગે મોજે શિવપાર્ક સોસાયટી માલપુરમાં

આવેલ પોતાનું મકાન નં. ૬૨૬/૨ નું મકાન ભાડુઆત ( સુરેશનાથ દેવનાથ ગોસ્વામી હાલ રહે. શિવપાર્ક સોસાયટી ગોકુળ હોટલની પાછળ, માલપુર, મુળ રહે– ભાડવી, વાડાભાડવી તા. બાગોડા, જી.જાલોર, રાજય–રાજસ્થાન) નાઓને રૂ. ૨,૦૦૦/– માં ભાડે આપી કોઈ પણ પ્રકારનો ભાડા કરાર ન કરાવી અરવલ્લી મોડાસા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સા.શ્રી નાઓનાં ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા–૨૦૨૩ હેઠળની જોગવાઈ અન્વયે જાહેરનામુ નં.ડી.સી / જાહેરનામુ / કલમ–૧૬૩ / મકાન ભાડુઆત / વશી / ૯૭૨/૨૦૨૪નાં જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે અંગેની ફરીયાદ માલપુર પોલીસ સ્ટેશનમાં નોંધી આગળની તપાસ હાથ ધરી આ કામનાં આરોપીની અટક કરી અને તપાસ પુર્ણ કરેલ અને સદર ગુના અન્વયે તે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં સદર ગુના અન્વયેનુ ચાર્જશીટ રજુ કરેલ.

(૨)... આ કામના આરોપીને ચાર્જશીટ સાથે રજૂ કરેલ હોય જેથી, આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, જે અનુસંધાને કોર્ટમાં ઉપસ્થિત થયેલ ત્યારબાદ **બી.એન.એસ.એસની કલમ–૨૩૦** મુજબ આરોપીને **બી.એન.એસ.એસની કલમ–૧૯૩** મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, સદરહું આરોપીની **આંક–૦૪** થી પ્લી નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીને ગુના અંગે પુછતા તેઓ એ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩)... ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાજેશકુમાર કાન્તીભાઈ ની જુબાની | ૧૯ |
| ૨ | પંચસાહેદ શૈલેષભાઈ મુળજીદાસ દરજીની જુબાની | ૦૫ |
| ૩ | પંચસાહેદ અરવિંદભાઈ નટવરભાઈ દરજીની જુબાની | ૦૭ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૬ |

(૪)... આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાહેદોને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તેવી પુરસીસ આપેલ હોય તેમજ સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓને તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,**‘‘નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,‘‘સતીષ મહેરા વિ. દિલ્હી એડ મિનિસ્ટ્રેશન’’ તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ‘‘નિખિલ મરચન્ટ વિ. સી.બી. આઈ.’’ તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ‘‘મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ’’**ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય અને ફરીયાદી જયારે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમા કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

(૫)... આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું **બી.એન.એસ.એસ.ક–૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૬)... ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭)... આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**<u>–:(મુદ્દાઓ):–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૮/૧૦/૨૦૨૪નાં રોજ કલાક. ૧૭/૦૦ વાગે મોજે શિવપાર્ક સોસાયટી માલપુરમાં આવેલ પોતાનું મકાન નં. ૬૨૬/૨ નું મકાન ભાડુઆત (સુરેશનાથ દેવનાથ ગોસ્વામી હાલ રહે. શિવપાર્ક સોસાયટી ગોકુળ હોટલની પાછળ, માલપુર, મુળ રહે– ભાડવી, વાડાભાડવી તા. બાગોડા, જી.જાલોર, રાજ્ય–રાજસ્થાન) નાઓને રૂ. ૨,૦૦૦/– માં ભાડે આપી કોઈ પણ પ્રકારનો ભાડા કરાર ન કરાવી અરવલ્લી મોડાસા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સા.શ્રી નાઓનાં ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા–૨૦૨૩ હેઠળની જોગવાઈ અન્વયે જાહેરનામુ નં.ડી.સી / જાહેરનામુ / કલમ–૧૬૩ / મકાન ભાડુઆત / વશી / ૯૭૨/૨૦૨૪નાં જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮)... ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૯)... ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે :–

**<u>–/(કારણો)/–</u>**

***<u>મુદ્દા નંબર–૧ અંગે :–</u>***

(૧૦)... આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપી વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૧)... આ કામે ફરીયાદ પક્ષ તરફે **આંક-૧૯થી ફરિયાદી /ત.ક.અ રાજેશભાઈ કાન્તીભાઈ ચૌહાણ** નાઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૪માં માલપુર પો.સ્ટેમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા. તે સમય દરમિયાન તા. ૧૮/૦૧ /૨૦૨૪ ના અધિક જીલ્લા મેજી.સા.નાં જાહેરનામા આધારે માલપુર મુકામે ભાડુઆત તરીકે રહેતા સુરેશનાથ દેવનાથ ગોસ્વામીનાં ઘરે જઈ તપાસ કરતા. તે મકાન રસીકભાઈ કાયાભાઈ દરજીનું હોવાનું તથા માસીક રૂ.૨,૦૦૦/- ના ભાડે સુરેશનાથ દેવનાથ ગોસ્વામીને આપેલ હોવાનું જણાઈ આવતા મકાન માલીકનું નિવેદન લેતા તેઓએ ભાડે આપવાનો કોઈ કરાર કરેલ ન હોય તથા પોતાનુ મકાન ભાડે આપ્યા અંગેની જાણ કરેલ ન હોય. તે બાબતની ફરિયાદ તેઓએ માલપુર પો.સ્ટેમાં આપેલી. જે આંક-૨૦ થી રજૂ છે. જેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવેલ છે તથા સદરહુ મકાન માલીકની અંગઝડતી તેમની સાથેનાં હાજર પો.સ.ઈ પી.ડી.ગોહિલનાઓએ કરેલ અને તે બાબતનું પંચનામુ પંચોની રૂબરૂ કરેલ, જે આંક-૦૬થી રજૂ છે. જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પો.સ.ઈ શ્રી પી.ડી.ગોહિલની સહી છે, જે ઓળખી બતાવે છે તથા સદર ગુનાની તપાસ તેઓએ કરેલ તથા તપાસનાં કામે તેઓએ સાહેદોનાં નિવેદનો લીધેલ તથા આરોપીને તેઓ ઓળખી બતાવે છે.

આરોપી તર્ફે સદર ફરિયાદી/ત.ક.અ ની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફરીયાદી તથા ત.ક.અ તેઓ જાતે જ છે. આરોપીએ ગુજરાત પોલીસની ઓફીસીયલ એન્ડ્રોઈડ એપ્લીકેશન પર પોતાનુ મકાન

ભાડે આપેલ. ભાડુઆતનુ વેરીફીકેશન કરવા માટેની અરજી કરેલ કે કેમ ? તે હકીકત બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ નથી અને તપાસનાં કામે તેઓએ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે,કામગીરી બતાવવા તેઓએ ખોટી ફરિયાદ કરેલ છે તથા ફરિયાદમાં કયા વર્ષે, કયા મહિને તથા કઈ તારીખે આરોપીએ પોતાનું મકાન ભાડે આપેલ તે જણાવેલ નથી. ભાડે આપેલ મકાન આરોપીની માલીકીનું હતું. તેવો કોઈ પુરાવો તેઓએ તપાસના કામે સામેલ રાખેલ નથી.આ કામે તેઓ ફરિયાદી હોય તેમની ફરિયાદને સમર્થન મળે તેવી તપાસ કરેલ છે. બનાવ સમયે અમલમાં રહેલ જાહેરનામુ બનાવવાળી જગ્યાએ ચોટાડી જાહેરાત કરવામાં આવેલ કે કેમ ? તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ફરિયાદ કરેલ છે.

(૧૨)... આ કામે ફરીયાદ પક્ષ તરફે **આંક–૫ થી પંચ સાહેદ શૈલેષકુમાર મુળજીદાસ દરજી** નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સુરેશનાથ દેવનાથ નાઓને ઓળખતા નથી, પરંતુ આ કામના આરોપીને તેઓ ઓળખે છે. ચારેક માસ અગાઉ પોલીસે માલપુર શિવપાર્ક સોસાયટી મુકામે એક લખેલા તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલ. પંચનામાની બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી તથા પંચ.૧ તરીકે તેઓની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૦૬થી રજૂ છે.

આમ, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી,ઉલટ તપાસમા પુછી શકાય તેવા સીધા સવાલો પુછવાની પરવાનગી આપતા તેઓએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પંચનામુ તેઓ રૂબરૂ પોલીસે તૈયાર કરેલ જે પંચનામા મુજબ સુરેશનાથ દેવનાથ ગોસ્વામીનાઓ રસીકભાઈ કાંચાભાઈ દરજીની માલીકીનાં માલપુર,શિવપાર્ક સોસાયટી મુકામે આવેલ મકાનમાં ભાડા કરાર મુજબ ભાડે રહેતા હોય. તે અંગે રસીકભાઈ કાંચાભાઈ દરજીનાઓને પોલીસે પંચો રૂબરૂ પૂછતા તેઓની પાસે કોઈ ભાડા કરાર ઉપલબ્ધ ન હોવાનું તથા તેમની અંગઝડતી કર્યા અંગેનું પંચનામુ તેઓ પંચો રૂબરૂ કરેલ તથા પંચનામાની હકીકત જાણતા હોવા છતાં ખોટી જુબાની આપેલ છે.

વધુમાં, આરોપી તર્ફે સદર પંચસાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી.

(૧૩)... આ કામે ફરીયાદ પક્ષ તરફે **આંક–૭ થી પંચ સાહેદ અરવિંદભાઈ નટવરભાઈ દરજી** નાઓ એ સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, તેઓ સુરેશનાથ દેવનાથ નાઓને ઓળખતા નથી, પરંતુ આ કામના આરોપીને તેઓ ઓળખે છે. ચારેક માસ અગાઉ પોલીસે માલપુર શિવપાર્ક સોસાયટી મુકામે એક લખેલા તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલ. પંચનામાની બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી તથા પંચ.૧ તરીકે તેઓની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૦૬થી રજૂ છે.

આમ, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆતથી તેઓને ફરી ગયેલા જાહેર કરી,ઉલટ તપાસમા પુછી શકાય તેવા સીધા સવાલો પુછવાની પરવાનગી આપતા તેઓએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પંચનામુ તેઓ રૂબરૂ પોલીસે તૈયાર કરેલ જે પંચનામા મુજબ સુરેશનાથ દેવનાથ ગોસ્વામીનાઓ રસીકભાઈ કાંચાભાઈ દરજીની માલીકીનાં માલપુર,શિવપાર્ક સોસાયટી મુકામે આવેલ મકાનમાં ભાડા કરાર મુજબ ભાડે રહેતા હોય. તે અંગે રસીકભાઈ કાંચાભાઈ દરજીનાઓને પોલીસે પંચો રૂબરૂ પૂછતા તેઓની પાસે કોઈ ભાડા કરાર ઉપલબ્ધ ન હોવાનું તથા તેમની અંગઝડતી કર્યા અંગેનું પંચનામુ તેઓ પંચો રૂબરૂ કરેલ તથા પંચનામાની હકીકત જાણતા હોવા છતાં ખોટી જુબાની આપેલ છે.

વધુમાં, આરોપી તર્ફે સદર પંચસાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી.

(૧૪)... વધુમાં, સદર કામે આંક–૦૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે જે ધ્યાને લેતા પંચનામા અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ આ કામે જયારે ફરીયાદી એ જ ફકત ભાડા કરારનો ગુના થયા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે.તેવા સંજોગોમાં માત્ર પંચનામુ રજુ કર્યેથી અને તેટલી જ હકીકત આધારે સદરહુ પંચનામાની

હકીકતો ગ્રાહ્ય રાખી તેના આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમા આ કામે આંક-૧૮ થી ફરીયાદપક્ષ તરફે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપવામાં આવેલ હોવાથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૫)... આમ, ફરીયાદ પક્ષના રેકર્ડ ઉપર આવેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, તે પુરાવાઓથી ફલીત થતુ નથી કે, મોજે શિવપાર્ક સોસાયટી માલપુરમાં આવેલ પોતાનું મકાન નં. ૬૨૬/૨ નું મકાન ભાડુઆત ( સુરેશનાથ દેવનાથ ગોસ્વામી હાલ રહે. શિવપાર્ક સોસાયટી ગોકુળ હોટલની પાછળ, માલપુર, મુળ રહે- ભાડવી, વાડાભાડવી તા. બાગોડા, જી.જાલોર, રાજ્ય-રાજસ્થાન) નાઓને રૂ. ૨,૦૦૦/- માં ભાડે આપી કોઈ પણ પ્રકારનો ભાડા કરાર ન કરાવી અરવલ્લી મોડાસા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સા.શ્રી નાઓનાં ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા-૨૦૨૩ હેઠળની જોગવાઈ અન્વયે જાહેરનામુ નં.ડી.સી / જાહેરનામુ / કલમ-૧૬૩ / મકાન ભાડુઆત / વશી / ૯૭૨/૨૦૨૪નાં જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ ગુનો કરેલ હોય તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી જેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા નંબર ૧ નો જવાબ " **નકારમા** " ઠરાવી મુદ્દા નંબર- ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:(/આ ખ રી હુ ક મ/):-

૧. આ કામના આરોપી : (૧) રસીકભાઈ કાંહયાભાઈ દરજી. રહે.હેલોદર,તા. માલપુર, જી.અરવલ્લીનાઓને **બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ - ૨૨૩, તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૩)**

અન્વયેના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ **બી.એન. એસ.એસ. ની કલમ–૪૮૧(એ)** ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલત માં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે રજૂ થયેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– **૦૨**મી, માહે–**મે**,સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

**તા. ૦૧/૦૫/૨૦૨૬**
**માલપુર.**

**(પૂજા સુરાણા)**
**જ્યુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માલપુર.( જજ કોડ જીજે ૦૧૪૨૮)**

H.L.MER- P.A